| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૯/૧૦/૨૦૨૨ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૯૪૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૪૧/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. અને જુગારધારા હેઠળ ૦૫ કેસો કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૪૨/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૪૩/૨૦૨૨</u>

**વટવાઃ** સુનીલકુમાર રામનારાયણ રાઠોડ (ઉ.વ.૪૨)(રહે,સહજાનંદ કોમ્પલેક્ષ નિગમ બસ સ્ટેન્ડ પાસે ઘોડાસર વટવા) એ તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સુનીલકુમારના પુત્રનુ એક્સીડન્ટમાં અવસાન થતા સુનીલકુમારના મૃત્યુ પામનાર પુત્રના મિત્ર પીયુસ નરેશભાઈ ગોઢા (રહે,ઓલ્ડ પટેલ સોસાયટી સિવીલ હોસ્પીટલ પાસે) એ વિમાના ક્લેમ માટેની પ્રોસેસ માટે સુનીલકુમાર પાસેથી જરૂરી કાગળો લઈ જઈ શ્રી રામ ફાયનાન્સ કંપનીમાં રજુ કરતા એક્સીડન્ટ વિમાના રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાસ થતા તા.૦૮/૦૬/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાસ થયેલ વિમાના નાણાં માંથી રૂપિયા ૫,૦૦,૦૦૦/- સુનીલકુમારને આપી બાકીના રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- તેમજ સુનિલકુમારના પરીવારના બેન્ક ખાતામાંથી ૧,૯૨,૧૮૭/- મળી કુલ રૂપિયા ૧૧,૯૨,૧૮૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

## <u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૪૪/૨૦૨૨</u>

**વેજલપુરઃ** સમીરમીયા યાસીનમીયા શેખ (ઉ.વ.૩૦)(રહે.બીસ્મીલ્લા સોસાયટી, બીસ્મીલ્લા મસ્જીદ પાસે કેનાલ પાછળ ફતેવાડી) એ તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૨ કલાક ૧/30 થી તા.૨૭/૧૦/૨૦૨૨ ક્લાક ૭/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.ડી.રેહવર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૫/૨૦૨૨**

**નવરંગપુરાઃ** સુનિલકુમાર પ્રતાપરાય હેમવાની (ઉ.વ.૪૭)(રહે,કમલા સોસાયટી નવરંગપુરા)એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર ચપ્પાના ઘા મારી દેતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૨ ના રોજ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** કાલુભાઈ આલજીભાઈ ખેતરીયા (ઉ.વ.૪૩) (રહે. ગણેશનગર, ખોડીયારનગર, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પાલડી આંબેડકર બ્રીજ નીચે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવંતભાઈ રત્નાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી